PM SHRI
Creating holistic and well-rounded individuals equipped with key 21st Century skills

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# PM SHRI

(Pradhan Mantri ScHools for Rising India)

# માર્ગદર્શિકા - ૪





ગુજરાત શાળા શિક્ષણ પરિષદ, સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

# Girls Education

# PM SHRI શાળાઓમાં "એડોલેશન્ટ એજયુકેશન પ્રોગ્રામ ફોર ગર્લ્સ" અમલીકરણ માર્ગદર્શિકા

શાળાએ જતા વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય અને સુખાકારી સર્વોચ્ચ મહત્વ ધરાવે છે કારણ કે તે તેમના શિક્ષણ અને વિકાસને અસર કરે છે. રાષ્ટ્રીય શૈક્ષણિક સંસાધન અને તાલીમ પરિષદ (એન.સી.ઈ.આર.ટી) એ પહેલાથી પ્રાથમિકથી માધ્યમિક તબક્કા સુધી શાળા આરોગ્ય અને સુખાકારી માટેના અભ્યાસક્રમ માળખાઓને વિકસિત કરી દીધો છે. આ અભ્યાસક્રમ અને તાલીમ સામગ્રી તૈયાર કરવાની કામગીરી ભારત સરકારના અગ્રિમ કાર્યક્રમ આયુષ્યમાન ભારતના ભાગરૂપે, માનવ સંસાધન અને વિકાસ મંત્રાલયની આગેવાની હેઠળ હાથ ધરવામાં આવી છે, જેનો હેતુ શાળાએ જતા બાળકોને તેમના આરોગ્ય અને સુખાકારી સંબંધિત વ્યાપક જાણકારી, માનસિક સહયોગ અને સેવાઓ પૂરી પાડવાનો છે.

ભારત સરકારના આયુષ્યમાન ભારત કાર્યક્રમ અન્વયે કાર્યરત School Health & Wellness Programme અંતર્ગત ભારત સરકારથી ૧૧ વિષયવસ્તુ નિયત કરેલ છે. સમગ્ર શિક્ષાના જેન્ડર વિભાગ હેઠળ એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામનું અમલીકરણ તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળા અને માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળા હેઠળ થઇ રહ્યુ છે. જેના અમલીકરણ માટે પ્રથમ સત્ર માટેનો પત્ર અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં. એસ.એસ/ગ.એ./એડો.એજ્યુ.યુ./૨૦૨૩-૨૪/૪૦-(૨)/૪૦૪૧૩-૪૮૩, તા. ૨૪.૦૮.૨૦૨૩ થી મોકલી આપેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

| ક્રમ | વિષય વસ્તુ | આવરવાના મુદ્દા |
|---|---|---|
| ૧ | તંદુરસ્ત વૃધ્ધિ અને વિકાસ | • કિશોરાવસ્થા દરમિયાન થતા શારીરીક ફેરફાર<br>• વ્યક્તિગત સ્વછતા જાળવણી<br>• કિશોરીઓમાં માસિક ધર્મની સમજ<br>• કિશોરાવસ્થાની માન્યતાઓ અને રૂઢિગત ધારણાઓનો સામનો કરવાની સમજ |
| ૨ | ભાવનાત્મક અને માનસિક આરોગ્ય | • લાગણીઓને ઓળખવી<br>• સ્વોટ (SWOT) ગુણોની ઓળખ |
| ૩ | આંતર વૈયક્તિક સબંધો | • અન્યની લાગણીઓને સમજવી<br>• સકારાત્મક સબંધો કેવી રીતે કેળવવા? |

| | | |
|---|---|---|
| | | • સંઘર્ષનું સમાધાન કરવુ અને મતભેદો ઉકેલવા |
| ૪ | મૂલ્યો અને નાગરિકતા | • મૂલ્યો અંગે વાસ્તવિક જીવનની દુવિધાઓ<br>• વધુ સારા સમાજ માટે હુ શું કરી શકું?<br>• મૂલ્યોના આધારે નિર્ણય કરવા<br>• સક્રિય નાગરીકતા માટે મારો સહયોગ ? – જેમકે પાણીનો બગાડ, વીજળીનો બગાડ, ખોરાકનો બગાડ |
| ૫ | જેન્ડર સમાનતા | • જેન્ડરની ભૂમિકા અને ભેદભાવ<br>• જેન્ડર સબંધી રૂઢિવાદી માન્યતાઓ અને જાહેરખબરો<br>• જેન્ડર આધારિત ભેદ્બાવ સાથે વ્યવહાર<br>• શાળામાં જેંડર ઓડીટ ચેકલીસ્ટ |
| ૬ | પોષણ, આરોગ્ય અને સ્વચ્છતા | • બાળકોની પોષણ જરુરીયાતો<br>• સ્વછતા અને આરોગ્ય<br>• આરોગ્યપ્રદ આદતો અંગે ચર્ચા<br>• એનિમિયા |
| ૭ | નશીલા પદાર્થોના દુરુપયોગની અને રોકથામ વ્યવસ્થાપન | • માદક દ્રવ્યોના પ્રકાર અને નશીલા પદાર્થોના ઉપયોગના સંકેતો અને લક્ષણો<br>• સાથીઓના નકારાત્મક દબાણથી દૂર રહેવુ<br>• મારા મૂલ્યો, મારી વર્તણૂંક, મારા નિર્ણયો<br>• તમાકુમુક્ત શાળાઓ માટે પ્રોત્સાહન |
| ૮ | આરોગ્યપ્રદ જીવનશૈલીનો પ્રસાર | • બાળકોની પોષણ જરુરીયાત<br>• બિનચેપી રોગો માટેના પરીબળો |
| ૯ | એચ.આઇ.વી.ની રોકથામ અને વ્યક્તિગત સ્વચ્છતા. | • એચ.આઇ.વી. સમજ અને પરીક્ષણ<br>• જવાબદારીભરી જાતિય વર્તણૂંક |
| ૧૦ | હિંસા અને ઈજાઓ સામે સલામતી અને સુરક્ષા. | • હિંસાને ઓળખો<br>• શાળાઓમાં હિંસા અને તેની અસરો<br>• પોક્સો, બાળ અધિકારોની સમજ<br>• હિંસા અને ઇજાઓથી સુરક્ષિત રહેવા માટે મદદ લેવી |

| | | |
|---|---|---|
| ૧૧ | ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના સુરક્ષિત ઉપયોગને પ્રોત્સાહન આપવું. | • મીડીયા અને ઇન્ટરનેટ<br>• વાસ્ત્વિક અને આભાસી જીવન<br>• વાસ્તવિક અને નકલી માંથી સાચાને શોધવું<br>• ઓનલાઇન સલામતી – મારી જવાબદારી |

## ► કન્યાઓ માટે એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ – ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ માટે (પ્રતિ શાળા રૂ.૩,000/-)

### નેશનલ ગર્લ્સ ચાઇલ્ડ ડે ઉજવણી

પ્રતિ શાળા દીઠ કન્યાઓ માટે એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત PMSHRI શાળાઓમાં વિશિષ્ટ પ્રવૃત્તિના ભાગ રૂપે ૨૪ જાન્યુઆરીના રોજ **નેશનલ ગર્લ્સ ચાઇલ્ડ ડે ની ઉજવણી કરવાનું** નિયત કરેલ છે. જેની ઉજવણી કરવા **૨૨ – જાન્યુઆરી થી ૨૪ – જાન્યુઆરી દરમિયાન** શાળા કક્ષાએ કાર્યક્રમનું આયોજન કરવું. જેની માર્ગદર્શિકા નીચે મુજબ છે.

આ કાર્યક્રમના અમલીકરણ માટે એક નોડલ શિક્ષકની પસંદગી – મહિલા શિક્ષકને પ્રાથમિકતા આપી શકાય


### દિન – ૧ તા.૨૨.૦૧.૨૦૨૩

- પ્રાર્થના અને યોગાથી ગર્લ્સ ચાઇલ્ડ ડે ઉજવણીની શરુઆત કરવી
- સ્વ – ની ઓળખ માટેની પ્રવૃત્તિ જેવી કે મને શું ગમે? કિશોરીઓ પોતાની ભાવનાઓ જેમ કે મને ગુસ્સો કેમ આવે? મને રડવું કેમ આવે ? હું ક્યારે ખુશ થાઉ છુ ? વગેરે જેવી . ભાવનાત્મક લાગણીઓને સમજી શકે તે માટેની પ્રવૃત્તિ યોજી શકાય – જેમાં અલગ અલગ લાગણીઓ દર્શાવતા મુખોટા ચાર્ટ પેપર દ્વારા/પેપર ડીશ દ્વારા બનાવવા અને જૂથમાં ચર્ચા પણ કરે તેમજ સ્વ – ઓળખ આધારીત જુદી જુદી રમતોની સ્પર્ધા યોજી શકાય.










- ગર્લ્સ ચાઇલ્ડ ડે નિમિત્તે ચિત્ર સ્પર્ધા/નિબંધ સ્પર્ધા/વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન

## દિન – ૨ તા.૨૩.૦૧.૨૦૨૩

- પોષણને સમજવા માટે દીકરીઓના ગ્રુપ પાડી એક પોષણયુક્ત ડીશ તૈયાર કરાવી શકાય અને સ્પર્ધા યોજી શકાય.
- પોક્સો, બાળ અધિકારો, ઈન્ટરનેટ અને સોશ્યલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ પર તજજ્ઞ દ્વારા માર્ગદર્શન
- શારીરીક ફેરફારોની ઓળખ માટે તજજ્ઞ દ્વારા વૃધ્ધિ ચાર્ટ દ્વારા સમજ (ખાસ કરીને કિશોરીઅવસ્થા દરમિયાન થતા ફેરફારો – જેમાં ગેરમાન્યતાઓ દૂર થાય તેવી રમતો અથવા ચર્ચા) – જેમકે મેંસ્ટ્રુઅલ બ્રેસલેટ – સફેદ ૨૮ મણકા અને લાલ ૫ મણકા
- ઉક્ત પ્રવૃત્તિ માટે મહત્તમ રૂ.૧૦૦૦/-

## દિન – ૩ તા.૨૪.૦૧.૨૦૨૩

- દીકરીઓને બાળ કેંદ્રી ફિલ્મ પણ બતાવી શકાય

- શાળાની જે દીકરીઓ ભણીને આગળ વધી હોય હાલમાં નોકરી/વ્યવસાય કરતી હોય તેને રોલ મોડેલ તરીકે પ્રેરણા- માર્ગદર્શન માટે બોલાવવી. જેમાં જુદા જુદા ક્ષેત્રે અભ્યાસ કરતી અથવા નોકરી કરતી દીકરીઓની પસંદગી કરી શકાય.
- રીફ્રેશમેન્ટ (નાસ્તો)
- મહત્તમ રૂ.૧૦૦૦/-

૩ દિવસના કાર્યક્રમના અંતે સ્પર્ધામાં ભાગ લીધેલ દીકરીઓને પ્રોત્સાહક ઇનામ આપવા. જે માટે મહત્મ રૂ.૧૦૦૦/-

## ► કન્યાઓ માટે એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ – માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે (પ્રતિ શાળા રૂ.૩,૦૦૦/-)

આ શાળાઓમાં Menstrual Hygiene કોર્નર અને તેની તાલીમનું આયોજન છે. જેની વિગત વાર સમજ MHM ગાઇડલાઇનમાં આપેલ છે.

# PM SHRI શાળાઓમાં દીકરીઓને સ્વ-રક્ષણ તાલીમ આપવા માટેની માર્ગદર્શિકા

## ▶ હેતુ:

- PM SHRI શાળાઓમાં અભ્યાસ કરતી ધોરણ-6 થી 12 ની દીકરીઓને જાતીય હુમલાઓ/અપરાધ સામે લડવા માટે સશક્ત બનાવવી.
- દીકરીઓના આત્મવિશ્વાસ વધારવા અને અન્ય પર તેમની નિર્ભરતા ઘટાડવા.
- દીકરીઓના શારીરિક સ્વાસ્થ્યને મજબૂત બનાવાવામાં મદદ કરે છે.

## ▶ બજેટ:

1. જે શાળામાં દીકરીઓ ની સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તેવી શાળાઓ માટે પ્રતિ શાળા પ્રતિ વર્ષ રૂ.૧૫,૦૦૦/-

2. જે શાળામાં દીકરીઓની સંખ્યા ૫૦ કરતા વધુ હોય તેવી ૨૪૦ શાળાઓ માટે પ્રતિ શાળા પ્રતિ વર્ષ રૂ.૩૦,૦૦૦/-

## ▶ તાલીમનું આયોજન

1. જિલ્લા કક્ષાએ વિવિધ વિભાગોના સંકલનમાં રહી તાલીમનું સુચારુ સંચાલન થઇ શકે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં નીચે મુજબની એક કમિટિની રચના કરી તાલીમનું આયોજન કરવાનું રેહશે.

| ક્રમ | હોદો | વિગત |
|---|---|---|
| ૧ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | અધ્યક્ષ |
| ૨ | ડી.વાય.એસ.પી./સમકક્ષ અધિકારીશ્રી | સભ્ય |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૪ | જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્ય-સચિવ |
| ૫ | મદદનીશ જિલ્લા કો.ઓ.-ગર્લ્સ એજ્યુકેશન | સભ્ય |
| ૬ | ડી.એલ.એલ.એસ. (DLSS) ના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | મોડેલ શાળાના આચાર્યશ્રી | સભ્ય |

| | | |
|---|---|---|
| ૮ | બીઆરસી કો. ઓ. | સભ્ય |
| ૯ | સીઆરસી કો. ઓ. | સભ્ય |
| ૧૦ | ઉચ્ચ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના એક મહિલા આચાર્ય / સિનિયર શિક્ષક | સભ્ય |

2. ઉક્ત કમિટિમાં ક્રમ નં. ૭ થી ૧૦ ના સભ્યો ડીઈઓ/ડીપીસીશ્રી ધ્વારા નિયુક્ત કરવાના રેહશે.
3. જિલ્લા કક્ષાએથી કમિટિ ધ્વારા સુરક્ષા સેતુ સોસાયટી સાથે સંકલિત હોય તેવી એજન્સીને તાલીમ આપવા માટે નક્કી કરવી.
    - જો જિલ્લા કક્ષાએ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત એજન્સી ઉપલબ્ધ ન હોય અથવા જે તે એજન્સી પાસે પુરતો સ્ટાફ ન હોય તેવા સંજોગોમાં જિલ્લા કક્ષાએથી GeM Portal ધ્વારા ટેન્ડર પ્રકિયા કરી એજન્સી નક્કી કરવાની રેહશે.

      અથવા
    - DLSS શાળાઓમાં કામગીરી કરતા કોચ સાથે સંકલન કરી આ કોચ ને પણ તાલીમ આપવા માટે નિયુક્ત કરી શકાય.
4. તાલીમ આપનાર ટ્રેનરની લાયકાત જિલ્લા કક્ષાએથી કમિટિ દ્વારા નક્કી કરવાની રેહશે.

## ► શાળામાં તાલીમનું અમલીકરણ

1. ધોરણ ૬થી ૧૨ની તમામ દીકરીઓને તાલીમ આપવાની રેહશે.
2. દીકરીઓને કુલ ૩૬ (છત્રીસ) કલાકની તાલીમ મળી રહે તે મુજબ ૩ (ત્રણ) માસ દરમિયાન અઠવાડીયામાં ૩ (ત્રણ) કલાકની તાલીમ કરવાની રેહશે.
3. તાલીમ દરમ્યાન શાળાના મહિલા કર્મચારીએ અચૂક હાજર રેહવું.
4. શાળામાં દીકરીઓની સંખ્યા મુજબ ધોરણવાર/અલગ અલગ ટીમ બનાવવાની રેહશે.
5. ધોરણવાર સ્વ-રક્ષણ તાલીમનો અભ્યાસક્રમ નક્કી કરી ધોરણવાર તાલીમ આપવાનું આયોજન કરવું.
6. તાલીમમાં પંચીંગ, બ્લોકીંગ, રેસલીંગ, જુડો-કરાટે. ફાઇટ-કરાટે, જેવી પાયાની સ્વ-રક્ષણ ટેકનીક ઉપરાંત સ્થાનિક પરિસ્થિતિ મુજબની અન્ય સ્વ-રક્ષણ ટેકનીકો પણ ઉમેરી તાલીમ આપવામાં આવે તે સુનિશ્ચિત કરવું.
7. શાળા કક્ષાએ દીકરીઓને સ્વ-રક્ષણ તાલીમ આપવામાં આવતી હોય તે દરમિયાન PM SHRI ના લોગો અને તાલીમનું વર્ષ આવે તેવું સ્વ-રક્ષણ તાલીમનુ બેનર લગાવવું અને દરેક સેશન ના ફોટો પાડી અને DGC (District Gender Coordinator) ને મોકલી આપવાના રેહશે.
8. સ્વ-રક્ષણ તાલીમ અંતર્ગત મંજૂર જોગવાઇઓ મુજબ શક્ય હોય તો દીકરીઓને યુનિફોર્મ આપવાનું આયોજન કરી શકાય.
9. જિલ્લા/તાલુકા કક્ષાએ દીકરીઓને સ્વ રક્ષણ સ્પર્ધાઓમાં ભાગ લેવડાવવાના રેહશે.

10. ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારો દરમિયાન યોજાતા કાર્યક્રમોમાં સદર તાલીમનો ડેમોસ્ટ્રેશન ફરજિયાત પણે કરાવવાનો રેહશે.
11. તાલીમ પૂર્ણ થઇ ગયા બાદ દરેક દીકરીને એજન્સી દ્વારા પ્રમાણપત્ર આપવાનું રેહશે. પ્રમાણ પત્રોમાં પીએમ શ્રી શાળાનો લોગો હોય તે સુનિશ્ચિત કરવું.
12. શાળા કક્ષાએ લક્ષ્યાંક મુજબ તમામ દીકરીઓને તાલીમ મળી છે કે કેમ ? તે બાબતની તમામ જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે.
13. તાલીમ શરૂ કરતાં પહેલા જિલ્લા/તાલુકા/શાળા કક્ષાએ સ્થાનિક પ્રિન્ટ મિડિયા તેમજ ઈલેક્ટ્રોનિક મિડિયા મારફતે કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર કરાવવો.

## ► ચુકવણું

1. તાલીમ પૂર્ણ થઇ ગયા બાદ આચાર્યશ્રીએ આપેલ પ્રમાણપત્રના આધારે SMC/SMDC કક્ષાએથી એજન્સીને ચુકવણું કરવાનું રેહશે.
2. ૧૦૦% કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ તમામ શાળાઓમાં તાલીમ પૂર્ણ થવા બાબતનું પ્રમાણપત્ર ડીઈઓ/ડીપીસીશ્રીની સહીથી સમગ્ર શિક્ષાની કચેરી પર મોકલી આપવાનું રેહશે.

## ► મોનીટરીંગ અને રીપોર્ટીંગ

1. એજન્સી દ્વારા SMC/SMDC ના અધ્યક્ષ અને સભ્ય સચિવની સહી અને ફોટોગ્રાફ સાથેનો અહેવાલ દર મહિને જિલ્લા કક્ષાએ મોકલી આપવાનો રહેશે.
2. શાળા કક્ષાએ સ્વ રક્ષણ તાલીમ માટેનું રજીસ્ટર બનાવી અને તેમાં દીકરીઓ અને કોચની હાજરી સેશન મુજબ લેવાની રેહશે. દર સેશન પુરા થયા પછી તારીખ સાથે કોચની સહી અચૂક લેવી.

# PM SHRI શાળાઓમાં દીકરીઓને MHM (માસિક સ્રાવન સ્વચ્છતા વ્યવસ્થાપન)ની સુવિધા પૂરી પાડવા અંગેની માર્ગદર્શિકા.

## માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન (MHM):

શાળાઓમાં માસિક સ્રાવની સ્વચ્છતા વ્યવસ્થાપનમાં સેનિટરી પેડ્સની ઉપલબ્ધતા અને વપરાયેલ પેડના સુરક્ષિત નિકાલ માટેની સુવિધાઓ, કાર્યરત શૌચાલય, શૌચાલયમાં પાણી અને સાબુની વ્યવસ્થા જેવી સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

### ► હેતુ

- દીકરીઓને શાળામાં માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન (MHM) માટેની જરૂરી સુવિધાઓ પૂરી પાડવી.
  જેથી દીકરીઓની હાજરીને અસર ન થાય.
- શાળાઓમાં તમામ કન્યાઓને પીરિયડ-ફ્રેન્ડલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવું.
- માસિક સ્રાવ શોષક (સેનિટરી નેપકિન્સ)ની સરળ ઉપલબ્ધી અને નિકાલ માટેની સુવિધાને સક્ષમ કરવી

### ► બજેટ:

- PM SHRI શાળાઓમાં માં સેનેટરી નેપકીન અન્વયે કન્યાદીઠ રૂ.૩૦૦/- વાર્ષિકની જોગવાઈ કરવામાં
- ૨૦૦/- મેન્સટરુઅલ ફ્રેન્ડલી ટોઇલેટ માટે.

### ► આયોજન

1. **કન્યાઓ માટે સેનેટરી નેપકીનની સુવિધા**

   - આ પ્રોગ્રામ નો લાભ ધો.-૭ થી ૧૨ ની તમામ દીકરીઓ માટે છે.
   - દરેક શાળામાં મહિલા નોડલ શિક્ષકની નિયુકતી કરવાની રહેશે.
   - જો મહિલા શિક્ષક શાળામાં ના હોય તો અન્ય નજીકની શાળાના મહિલા શિક્ષક / મહિલા એસ.એમ.સી. સભ્ય / શાળાની મોટા ધોરણની ૨ (બે) દીકરીઓનું જૂથ અથવા નજીકની

પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક શાળાના મહિલા શિક્ષકની નિયુકતી નોડલ પર્સન તરીકે કરવી.

- સેનીટરી પેડની ખરીદી પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રમાંથી કરવાની રેહશે.
- જે પેકેટ માં ૮-10 પેડ આવતા હોય તેવા પેકેટ ખરીદવા જેથી દર મહીને પેકેટ વિતરણ થઇ શકે.
- ખરીદી વખતે જો પેડના પકેટ માં એક્ષપાયર ડેટ આપી હોય તો ચકાસી લેવી.
- દીકરીઓને સેનેટરી નેપકીન આપ્યા બાદ તેના ઉપયોગ બાબતે શાળાના મહિલા શિક્ષિકા / આશા વર્કર / આંગણવાડી વર્કર વગેરે તથા અન્ય તજજ્ઞની મદદથી "માસિક આરોગ્ય સ્વાસ્થ્ય" સંબંધિ માર્ગદર્શન આપવાનું રેહશે. જે શાળામાં ઇન્સિનીરેટર છે તે દીકરીઓ તેનો ઉપયોગ કરે તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવું.

2. સેનીટરી નેપકીન વેન્ડિંગ મશીન

- જે શાળામાં ૧૫૦થી વધુ કન્યાઓની સંખ્યા હશે તે શાળામાં ૨ વેન્ડિંગ મશીન રાખવાના રેહશે.
- વેન્ડિંગ મશીનની ખરીદી જિલ્લા કક્ષાએથી/ શાળા કક્ષાએથી કરવાની રેહશે. તે માટે ના સ્પેસીફીકેશન રાજ્ય કક્ષાએ થી મોકલવામાં આવશે. .(વેન્ડિંગ મશીન ખરીદી વખતે AMC (Annual maintenance Contract) કરવાનું રેહશે.
- સેનિટરી પેડ વેન્ડિંગ મશીન દીકરીઓના ટોયલેટ બ્લોકમાં અથવા તેની નજીકમાં મુકવાના રેહશે જેથી દીકરીઓ સરળતા થી પેડ લઇ શકે.
- વેન્ડિંગ મશીનના સ્પેસીફીકેશન બીડાણ ૧ મુજબ

3.સેનીટરી નેપકીન ઇન્સીનેટર

- જે શાળામાં ૧૫૦થી વધુ કન્યાઓની સંખ્યા હશે તે શાળામાં ૨ ઇન્સીનેટર રાખવાના રેહશે.

- ઇન્સીનેટરની ખરીદી જિલ્લા કક્ષાએથી/ શાળા કક્ષાએથી કરવાની રેહશે. તે માટે ના સ્પેસીફીકેશન રાજ્ય કક્ષાએ થી મોકલવામાં આવશે. .( ઇન્સીનેટરની ખરીદી વખતે AMC (Annual maintenance Contract) કરવાનું રેહશે.
- વપરાયેલ પેડ્સના સુરક્ષિત નિકાલ માટે ઈલેક્ટ્રિક ઇન્સિનેટર આપવાના રેહશે.
- ઇન્સીનેટરની શાફ્ટ શાળા પરિસરની બહાર ઉત્સર્જન છોડવા માટે પૂરતી ઊંચી હોવી જોઈએ.
- ઇન્સીનેટર મશીન દીકરીઓના ટોયલેટ બ્લોકમાં અથવા તેની નજીકમાં મુકવાના રેહશે જેથી દીકરીઓ સરળતા થી પેડનો નિકાલ કરી શકે.
- વિકલાંગ દીકરીઓ સરળતા થી વાપરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.
- ઇન્સીનેટરના સ્પેસીફીકેશન બીડાણ ૧ મુજબ

1. **MH કોર્નર ( માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે)-**

શાળામાં મેન્સ્ટ્રુઅલ કોર્નર ઉભું કરી વિદ્યાર્થીઓ, ખાસ કરીને દીકરીઓમાં પીરિયડ એજ્યુકેશન આપવું. દીકરીઓને કિશોરાવસ્થાના સ્વાસ્થ્ય અને સુખાકારી સાથે જોડાયેલા માસિક સ્રાવ વિશે જ્ઞાનની અવરોધ-મુક્ત ઍક્સેસ મળી શકે તે માટે માસિક કોર્નરમાં વિઝ્યુઅલ ટૂલ્સ અને ઇન્ટરેક્ટિવ IECનો સમાવેશ કરવો.

મેન્સ્ટ્રુઅલ કોર્નરમાં નીચેની બાબતો નો સમાવેશ કરવો

- તાલીમ મોડ્યુલ
- કિશોરવયની દીકરીઓ માટે પુસ્તિકાઓ અને પોકેટ બુકલેટ.
- જાગૃતિ માટેના પોસ્ટરો અને પત્રિકાઓ અને એપ્રન
- ઇન્ટરેક્ટિવ ગેમ્સ
- પ્રાથમિક દવાઓ અને આરોગ્ય દેખરેખ ચાર્ટ
- શોષકના નમૂનાઓ (સેનીટરી પેડ, ટેમ્પોન, મેન્સ્ત્રુલ કપ, કોટનના કપડા વગેરે)
- સ્વચ્છતા કીટ
- ઓડિયો-વિઝ્યુઅલ સાધનો

- મેન્સ્ટ્રુઅલ કોર્નર સેટ કરવા માટેનું ટેબલ






## ▶ અમલીકરણ

### 1. કન્યાઓ માટે સેનેટરી નેપકીનની સુવિધા

- દરેક દીકરીઓને દર માસની પહેલી તારીખે સેનીટરી નેપકીનના પેકેટ પુરા પાડવા. જો પેહલી તરીખે જાહેર રજા આવતી હોય તો રાજા ના પછી ના દિવસે સેનીટરી નેપકીન પુરા પાડવા.
- સેનટરી નેપકીનનું વિતરણ રજીસ્ટર રાખવાનું રહેશે. જેનો નમુનો નીચે મુજબ છે.

**શાળાનું નામ : ................................**

| માસ | તારીખ | ધોરણ | દીકરીનું નામ | સેનેટરી નેપકીનની સંખ્યા / પેકેટની સંખ્યા | દીકરીની સહી | નોડલ શિક્ષકની સહી |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

- સેનેટરી નેપકીનના ઉપયોગ બાદ દીકરીઓ તેનો પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે જ્યાં ત્યાં ન ફેંકતા તેનો સુરક્ષિત નિકાલ કરે. (દાટવું, બાળવું) તે શાળાએ ખાસ સુનિશ્ચિત કરવું.

- સેનીટરી નેપકીન નો સંગ્રહ શાળામાં એ રીતે ના કરવો કે જ્યાં ઉંદર નુકશાન કરે, પેડ માં ભેજ લાગે અથવા પાણી પડતું હોય તેવી જગ્યા હોય, તડકો આવતો હોય તેવી જગ્યા એ ના રાખવા.
- પેડ ના સંગ્રહ માટે શિક્ષકોના રૂમમાં અથવા ગર્લ્સ સેનિટેશન બ્લોકની નજીક એક અલમારી ગોઠવી શકાય.
- પેડ ના પેકેટ માંથી ૨ પેડ કાઢી અને વેન્ડિંગ મશીન માં રાખવાના રેહશે અને બાકીના ૮ પેડ દીકરીઓને આપવાના રેહશે (૧૦ પેડ નું એક પેકેટ હશે) આ જવાબદારી નોડલ શિક્ષક ની રેહશે.

2. **શાળામાં કન્યા શૌચાલયની વ્યવસ્થા.**
   - શૌચાલયમાં સ્વચ્છતાની જાણવણી
   - શૌચાલયના દરવાજા અંદર થી બંધ થઇ શકે તેવા હોવા જોઈએ.
   - ટોયલેટ બ્લોકમાં પૂરતા હવા ઉજાસ હોવા જોઈએ.
   - હાથ ધોવા માટે પૂરતું પાણી, અને સાબુ
   - શૌચાલયની અંદર નેપકિન્સ/કપડા બદલવા અને તેને મુકવા માટેની વ્યવસ્થા કરવી (શેલ્ફ, હુક્સ અથવા જગ્યા)
   - ઢાંકણા સાથેની કચરાપેટી શૌચાલયની અંદર મૂકવી.
   - દીકરીઓ પોતાને જોઈ શકે અને આત્મવિશ્વાસ સાથે બહાર નીકળી શકે તે માટે પૂર્ણ-લંબાઈના અરીસાઓ ઉપલબ્ધ કરાવવા.
3. **સેનીટરી નેપકીન વેન્ડિંગ મશીન**
   - શાળા કક્ષાએ વેન્ડિંગ મશીનનું મેઈનટેનેન્સ દર ત્રણ મહીને કરવાનું રેહશે.(વેન્ડિંગ મશીન ખરીદી વખતે AMC (Annual maintenance Contract) કરવાનું રેહશે.
   - વેન્ડિંગ મશીન માં પેડની વ્યવસ્થા દર ૧૫ દિવસે એક વાર તપાસી લેવી.

- દીકરીઓને વેન્ડિંગ મશીન વાપરવાની સાચી રીત સમજાવવા માટેનું સેશન નોડલ શિક્ષક દ્વારા ૬ મહિનામાં એક વાર લેવું.

4. સેનીટરી નેપકીન ઇન્સીનેટર

- શાળા કક્ષાએ ઇન્સીનેટરનું મેઈન્ટેનેન્સ દર ત્રણ મહીને કરવાનું રેહશે.( ઇન્સીનેટર ખરીદી વખતે AMC (Annual maintenance Contract) કરવાનું રેહશે.
- દીકરીઓને ઇન્સીનેટર વાપરવાની સાચી રીત સમજાવવા માટેનું સેશન નોડલ શિક્ષક દ્વારા ૬ મહિનામાં એક વાર લેવું.
- નોડલ શિક્ષકે સુનિશ્ચિત કરવાનું રેહશે કે દીકરીઓ પેડના નિકાલ માટે ઇન્સીનેટર નો ઉપયોગ કરે.

5. MH કોર્નર ( માધ્યમિક અને ઉચ્તર માધ્યમિક શાળાઓ માટે)-

- MH કોર્નર એવી જગ્યા પર ઉભું કરવું કે જ્યાં દીકરીઓ સરળતાથી MH કોર્નરની સામગ્રીનો ઉપયોગ કરી શકે.
- ૧૫ દિવસમાં એક વાર નોડલ શિક્ષક દ્વારા MH કોર્નર ઉપર ચર્ચા.
- નોડલ શિક્ષકે MH કોર્નરની સામગ્રીના મેઇનટેનન્સની જવાબદારી લેવાની રેહશે.
- શાળાના કુમારો પણ તેમની જીજ્ઞાશાને સંતોષવા માટે આ સાહિત્યનો અભ્યાસ કરી શકે છે.

**નોંધ: શાળામાં માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન (MHM) ની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રેહશે. સરકારશ્રી દ્વારા અનુદાન પ્રાપ્ત થવા છતા મુલાકાત દરમ્યાન જરૂરી સુવિધાનો અભાવ જોવા મળશે તો જરૂરી પગલાઓ લેવામાં આવશે.**

જયશ્રી દેવાંગન, IAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેક્સઃ ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪
E-mail: aspd-gcsess@gujarat.gov.in
Toll Free No.1800-233-7965

નં. સમગ્ર શિક્ષા/ગ.એ./PM SHRI/Inci. & Sanitary Pad/૨૦૨૩-૨૪/૦૧/ ૫૨૩૦૯-૩૧૯ તા.૨૧/૧૧/૨૦૨૩

પ્રતિ,

| | | |
|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી<br>જિલ્લા : તમામ | જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી<br>જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા<br>જિલ્લા : તમામ | એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર<br>અને શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>સમગ્ર શિક્ષા,<br>મહાનગરપાલિકા : રાજકોટ, વડોદરા |

**વિષય : PM SHRI શાળાઓમાં સેનેટરી નેપકીન આપવા બાબત**
**સંદર્ભ : નોંધ પર માન. એસ.પી.ડી.શ્રી ની મળેલ મંજૂરી અન્વયે**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩-૨૪ માં PM SHRI અંતર્ગત નક્કી કરેલ કુલ ૨૭૪ પૈકી ૨૫૭ શાળાઓ (૧૪ કુમાર શાળા અને કન્યાઓની સંખ્યા શૂન્ય હોય તેવી ૩ શાળા સિવાયની શાળાઓ) (૨૫૭ શાળાઓની યાદી સામેલ છે) માં સેનેટરી નેપકીન અન્વયે કન્યાદીઠ રૂ.૩૦૦/- વાર્ષિક લેખે કુલ **રૂ.71.889 લાખ** બજેટ મંજૂર થયેલ છે. જે બાબતે નીચે મુજબ આયોજન કરવાનું થાય છે.

1. દરેક શાળામાં મહિલા નોડલ શિક્ષકની નિયુકતી કરવાની રહેશે. જો મહિલા શિક્ષક શાળામાં ના હોય તો અન્ય નજીકની શાળાના મહિલા શિક્ષક / મહિલા એસ.એમ.સી. સભ્ય / શાળાની મોટા ધોરણની ૨ (બે) દીકરીઓનું જૂથ અથવા નજીકની પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના મહિલા શિક્ષક
2. નવેમ્બર-૨૦૨૩ થી માર્ચ-૨૦૨૪ સુધીના ૫ (પાંચ) માસના કન્યાદીઠ પ્રતિ માસ રૂ.૩૦/- લેખે ૫ માસના રૂ.૧૫૦/- લેખે ફાળવણી કરવાની રહેશે.
3. ધો.-૭ થી ૧૨ ની દીકરીઓ માટે ૧૦૦% સદર વ્યવસ્થા પુરી પાડવી.
4. દરેક દીકરીઓને દર માસની પહેલી તારીખે પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રમાંથી સેનટરી નેપકીન પુરા પાડવા.
5. સેનટરી નેપકીનનું વિતરણ રજીસ્ટર રાખવાનું રહેશે. જેનો નમુનો નીચે મુજબ છે.

**શાળાનું નામ : ..................................**

| માસ | તારીખ | ધોરણ | દીકરીનું નામ | સેનેટરી નેપકીનની સંખ્યા / પેકેટની સંખ્યા | દીકરીની સહી | નોડલ શિક્ષકની સહી |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

6. દીકરીઓને સેનેટરી નેપકીન આપ્યા બાદ તેના ઉપયોગ બાબતે શાળાના મહિલા શિક્ષિકા / આશા વર્કર / આંગણવાડી વર્કર વગેરે તથા અન્ય તજજ્ઞની મદદથી પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક **"માસિક આરોગ્ય સ્વાસ્થ્ય"** સંબંધિ માર્ગદર્શન આપવું.
7. સેનેટરી નેપકીનના ઉપયોગ બાદ દીકરીઓ તેનો પર્યાવરણને નુકશાન ન થાય તે રીતે જયાં ત્યાં ન ફેંકતા તેનો સુરક્ષિત નિકાલ કરે. (દાટવું, બાળવું) તે શાળાએ ખાસ સુનિશ્ચિત કરવું. જે શાળામાં ઇન્સિનીરેટર છે તે દીકરીઓ તેનો ઉપયોગ કરી શકશે.

સદર કામગીરીનું મોનિટરિંગ બીઆરસી કો. ઓ., સીઆરસી કો. ઓ. તથા જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે. સદર ખર્ચ PM SHRI ના Costing Sheet મુજબ હેડ નં ૩૪.૦ અન્વયે કરવાનો રહેશે.

ઉપરાંત સેનેટરી નેપકીન હેડ અન્વયે થયેલ ખર્ચ PRABANDH Portal પર અપલોડ કરવાનો રહેશે.

(જયશ્રી દેવાંગન)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
## સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી

સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર, (ગુજરાત રાજ્ય)
ફોન નં.–૦૭૯–૨૩૨ ૪૩૧૩૩
ફેક્સ નં.– ૦૭૯–૨૩૨ ૩૮૪૦૪
હેલ્પલાઈન નં. ૧૮૦૦–૨૩૩–૭૯૬૫
E-mail : spd-gcsess@gujarat.gov.in, gsi-gcsess@gujarat.gov.in
Web : www. ssagujarat.org


નં. સમગ્ર શિક્ષા/ગ.એ./PM SHRI/Inci. & Sanitary Pad/૨૦૨૩–૨૪/૦૧/ ૫૬૨૬૭ – ૩૩૭ તા.૭ ડિસે૨૦૨૩

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જિલ્લા : તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા
જિલ્લા : તમામ

એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર
અને શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સમગ્ર શિક્ષા,
મહાનગરપાલિકા : રાજકોટ, વડોદરા

**વિષય : PM SHRI શાળાઓમાં ઇન્સિનીરેટર અને વેન્ડીંગ મશીન આપવા બાબત**
**સંદર્ભ : નોંધ પર માન. એસ.પી.ડી.શ્રી ની મળેલ મંજૂરી અન્વયે**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩-૨૪ માં PM SHRI અંતર્ગત નક્કી થયેલ શાળાઓ (શાળાઓની યાદી સામેલ છે) માં ઇન્સિનીરેટર અને વેન્ડીંગ મશીન અન્વયે વર્ષ ૨૦૨૩-૨૪ માં PM SHRI યોજના અંતર્ગત Special Equity Projects (NR) મુજબ મંજૂર થયેલ છે. જેમાં નીચે મુજબ આયોજન કરવાનું થાય છે.

- શાળાદીઠ જ્યાં ૧૫૦ થી ઓછી કન્યાઓની સંખ્યા છે ત્યાં ૧ (એક) ઇન્સિનીરેટર તથા ૧ (એક) વેન્ડીંગ મશીન તથા ૧૫૦ થી વધારે કન્યાઓની સંખ્યા છે ત્યાં ૨ (બે) ઇન્સિનીરેટર તથા ૨ (બે) વેન્ડીંગ મશીન આપવાનું રહેશે.
- રાજ્ય કક્ષાએથી આપેલ સ્પેસિફિકેશન મુજબ ઇન્સિનીરેટર અને વેન્ડીંગ મશીનની ખરીદી GeM Portal/ખરીદ નીતિના નિયમોનુસાર શાળા કક્ષાએથી કરવાની થાય છે.
- આ ઉપરાંત અત્રેની કચેરીના પત્રક્રમાંક : નં. સમગ્ર શિક્ષા/ગ.એ./PM SHRI/Inci. & Sanitary Pad/૨૦૨૩-૨૪/૦૧/૫૨૩૦૯-૩૭૯, તા.૦૨.૧૧.૨૦૨૩ થી દીકરીઓને આપવામાં આવેલ સેનેટરી પેડમાંથી ૨-૨ પેડ કાઢીને વેન્ડિંગ મશીનમાં ભરવાનો થાય છે બાકીના પેડ દીકરીઓને આપવાના થાય.
- પીરીયડ ફ્રેન્ડ્લી ટોયલેટ જેવી સુવિધા જેમ કે શૌચાલયની અંદર નેપકીન બદલવા અને તેને મૂકવા માટેની વ્યવસ્થા કરવી (સેલ્ફ/પાટીયા/સ્ટેન્ડ અને ૩ હુકસ) જેનો અંદાજીત ખર્ચ રૂ. ૨૦૦/- Costing Sheet ના હેડ 34.00 અન્વયે કરવાનો થાય છે.
- આ સાથે સામેલ ચેકલીસ્ટ પ્રમાણે PM SHRI શાળાઓમાં સુવિધા હોવી જોઇએ.
- દીકરીઓને ઘર જેવી સુવિધા મળે.



PM SHRI

- સરકારશ્રી દ્વારા ઉકત તમામ સુવિધાઓ દીકરીઓને શાળામાં સગવડભર્યું અને ગરિમાયુકત વાતાવરણ મળી રહે તે હેતુથી
- આપવામાં આવેલ હોઇ, સદર તમામ બાબતોનું ચુસ્તપણે અમલવારી કરવાની જવાબદારી આચાર્યશ્રીની રહેશે.
- ઇન્સિનીરેટર અને વેન્ડીંગ મશીન હેડ અન્વયે થયેલ ખર્ચ PRABANDH Portal પર અપલોડ કરવાનો રહેશે.

સદર કામગીરીનું મોનિટરિંગ બીઆરસી કો. ઓ., સીઆરસી કો. ઓ. તથા જિલ્લા કક્ષાએથી કરવાનું રહેશે. સદર ખર્ચ PM SHRI ના Costing Sheet મુજબ ઇન્સિનીરેટર માટે હેડ નં ૩૩.૦.૧૦૬ અને અને વેન્ડીંગ મશીન માટે હેડ નં ૩૩.૦.૧૦૪ અન્વયે કરવાનો રહેશે.

ઓઆઇસી-ગર્લ્સ એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ કચેરી, ગાંધીનગર

**બિડાણ :** ઉપર મુજબ

## 1. Sanitary Napkin Incinerator Specification for the Year 2023-24

| GENERAL | |
|---|---|
| Type | Wall Mountable |
| Purpose | Burn used Sanitary Napkins to sterile ash and stop automatically |
| Color | Elephant grey/Blue /Any |
| Operation Mode | Electronically operated, fully Automatic |
| Loading Type | Front loading |
| Stand provided | No/Yes |
| Number of chambers | NA |
| Trap Door available | Yes |
| All MS parts Powder coated | Yes |
| Spare parts should be available for Minimum 5years from date of supply | Yes |
| All electrical parts are ISI Marked | Yes |
| DIMENSIONS OF MAIN UNIT | |
| Thickness of thermal Insulation material (mm) | 25 millimeter |
| Thickness of MS/SS sheetof housing cabinet(external) (mm) | 1.2 millimeter |
| Thickness of MS/SS sheetof burning chamber(internal) (mm) (Min | 3 millimeter |
| Machine Width(mm) | 200-300 |
| Machine Hight(mm) | 200-500/ 501-700 |
| Machine Weight(kg) | 16-30/5-15 |
| Machine Depth (mm) | 100-200/201-300 |
| Door width(mm) | 500-100/101-150/50-100/101-150 |
| Door height(mm) | 50-100/101-150 |
| Thickness of door including insulation (mm) | 20 millimeter/25 millimeter |
| Internal/burning chamber shape | Rectangular cubical/ Vertical cylindrical |
| Detachable ash tray length (mm) | 100-150 |
| Detachable ash tray width(mm) | 100-150 |
| Detachable ash tray height (mm) | 5-15/31-50/5-15/16-30 |
| Stand Height (mm) | 500 millimeter/ 0 millimeter/ |
| Stand Width (mm) | 200-300/ NA for wall mountable |
| Stand Depth (mm) | 100-200/NA for wall mountable |
| **MATERIAL OF MACHINE UNIT** | |
| | |
| Material of Housing cabinet (External) | Mild Steel(CRCA) sheet |
| Material of Burning chamber (Internal) | Mild Steel(CRCA) sheet |
| Finish of MS parts of cabinet | Epoxy anti rust proof painting for superior finish/ NA |

| GENERAL | |
|---|---|
| Material of Thermal Insulation | High Density Ceramic Fiber sheet/ High Density Ceramic Board |
| **CONSTRUCTIONAL FEATURES** | |
| | |
| Thermal insulation of burning chamber house din outer chamber | Yes |
| Burning Chamber tray provided | Yes |
| Emission Outlet pipe location | Top of machine |
| Means of connecting the unit outlet with flue gas mission pipe | Flanged/ Clamped |
| Type of door lock provided | Magnetic lock |
| **CONTROL & FUNCTIONAL FEATURES** | |
| | |
| Temperature indicator provided | Yes/No |
| Timer provided | Yes |
| Auto cut-off temperature display | Yes |
| Digital display to see actual and set temperature | Yes/No |
| Minimum Burning temperature (degree C) | 800 |
| Burning Capacity per day(Number of Napkins) | 100-200/51-100 |
| Burning Capacity at a time(Number of Napkins) | 1-15 |
| Residue Ash per Napkin(gms) | 1 gram |
| Burning time of full capacity Napkins/pads(minutes) (Max) | 10 minute/45 minutes/20 minutes/15 Minutes |
| Skin temperature of the unit under operation (degC) | 0-15/16-20 |
| Installation, training, demonstration, and plumbing included | Yes |
| **ELECTRICAL AND SAFETY FEATURES** | |
| | |
| Automatic digital controller for time | Yes/No |
| Automatic digital controller for temperature | Yes/No |
| Equipment ON/OFF indicator provided | Yes |
| Power supply | 230v +/-10%, 50Hz, Single phase, AC supply |
| Electrical Power Consumption (Watt) | 500-1000/1001-1500 |
| Minimum length of power chord to be supplied along with machine (mtr) | 2 meter |
| Type of Heater | Ceramic heater containing coil |
| saver (auto power cut-off) | Yes |
| Safety MCB provided (16Ato 30A) | Yes |

| GENERAL | |
|---|---|
| Protection against electric shock when checked asper IS:302-1/2008 | Yes |
| Minimum Insulation Resistance (IR) at 500 VDC(Mega Ohm) | 2 |
| Maximum Electrical Insulation and Leakage current as per IS:302-1/2008, (mA) | 0.21 |
| Maximum Earthing continuity test when tested as per IS:302-1/2008 (Ohm) | 0.1 |
| HV test at 1000 V rms for 1Sec when tested as perIS:302-1/2008 | No breakdown shall occur during the test |
| **SMOKE CONTROL UNIT (SCU)** | |
| Type of SCU (Smoke Control Unit) | Top mounted/ Side Mounted |
| Material of housing ofSmoke Control Unit (SCU) | Mild Steel(CRCA) cabinet |
| Finish of MS parts of SCUcabinet | Epoxy anti rust proof painting for superior finish |
| Overall height of SCU(mm) | 300 |
| Overall width of SCU (mm) | 100-300 |
| Overall depth of SCU(mm) | 100-300 |
| Number of chambers for filtration of smoke emission | Two |
| Both carbon Control and Foul odor Control Chambers for filtration of smoke emission | Yes |
| Number of filters in Carbon control chamber | Three |
| Type of filters in Carbon control chamber | Activated Carbon filter |
| Number of filters inOdour control chamber | One |
| Type of filters in Odourcontrol chamber | Activated Carbon filter |
| Blower type | "Centrifugal, direct driven" |
| Blower RPM | 1800 |
| Power supply of SCU | 230v +/-10%, 50Hz, Single phase, AC supply |
| Minimum length of flexible emission outlet pipe to be supplied along with machine (mtr) | 3 |
| Cost of additional flexibleemission outlet pipe, ifrequired on actuals to bepaid by the user | Yes |
| **EMISSION STANDARD FOR SMOKE** | |
| Conformity to CPCB, Min of Environment & Forests standard ,Solid Waste Management | Yes |

| GENERAL | |
|---|---|
| Rules(SWM), 2016 | |
| Particulates (Half hourly average)(mg/Nm3)(Max) | 50 |
| HCl (Half hourly average) (mg/Nm3)(Max) | 50 |
| SO2 (Half hourly average) (mg/Nm3)(max) | 200 |
| CO (Half hourly average) (mg/Nm3)(Max) | 100 |
| CO (Daily average) (mg/Nm3) (Max) | 50 |
| Total Organic Carbon (Half hourlyaverage) (mg/Nm3) (Max) | 20 |
| HF (Half hourly average) (mg/Nm3)(Max) | 4 |
| "Nox (NO and NO2 expressed asNO2) (Half hourly average)(mg/Nm3) (Max)" | 400 |
| Total dioxins and furans ( 6 to 8hours sampling basis, Please referguidelines for 17 concernedcongeners for toxic equivalencevalues to arrive at total toxicequivalence) (ng TEQ/Nm3) (Max) | 0.1 |
| Cd + Th + their compounds(Sampling time anywhere between30 minutes and 8 hours) (mg/Nm3)(Max) | 0.05 |
| Hg and its compounds (Samplingtime anywhere between 30 minutesand 8 hours) (mg/Nm3) (Max) | 0.05 |
| Sb+As+Pb+Cr+Co+Cu+Mn+Ni+V+theircompounds (Sampling timeanywhere between 30 minutes and 8hours) (mg/Nm3) (Max) | 0.5 |
| Loss on ignition (max) (% dry weightof the material) | 5 |
| **PACKING** | |
| Packing | Carton Box |
| **MARKING AND INSTRUCTIONS** | |
| The appliance is marked as per IS:302-1/2008 | Yes |
| **CERTIFICATION** | |
| Submission of Test Reportfrom Central Govt/CSIRLab/NABL/ILAC accreditedLab specifically containingElectrical & Electronicparameters, Thermal insulation material ofburning chamber inaddition to declaredspecification parameter attime of supply | **Yes** |
| Submission Test Report for equipment for | Yes |

| GENERAL | |
|---|---|
| compliance of Flue gas emission and ash upon combustion of Sanitary Napkins/Pads to Central Pollution Control Board(CPCB) norms from NABL accredited lab/CSIR Lab at the time of supply | |
| Certification Available | Other/ EU-CE |
| Certificate for Manufacturing premises available | ISO |
| Compliance certificate isto be furnished after conducting comprehensive performance test by the supplier | Yes |
| Submission of all the certifications to the buyer along with supplies | Yes |
| Submission Test Report for equipment for compliance of Flue gas emission and ash up on combustion of Sanitary Napkins/Pads to Central Pollution Control Board(CPCB) norms from NABL accredited lab/CSIR Lab at the time of supply | Yes |
| **PERFORMANCE REQUIREMENTS** | |
| Warranty in Years (Option of comprehensive warranty is available through bidding only ,which if opted will supersede normal warranty in the catalogue) | 1/ 2 |

## 2. Vending Machine Specification

| General | |
|---|---|
| Type of machine | Automatic |
| Type of fitting | Wall Mountable |
| Color | Others /Any Color |
| Napkin Size for loading | Any Size |
| Napkin Fold | Two Fold /Trifold |
| Operating features | Free vending |
| Multiple coins accepted | NO |
| Number of Napkins/padsprovided/loaded with thevending machine | 0/any number |
| Multiselection of Napkintype | No |
| Number of selection options | 1 |
| Vending option | Vertical/Horizontal |
| Accessibility for freevending utility service | NA |
| Type of loading | Spiral |
| Vending Napkinindividually packed | Yes /No |
| LED illumination providedfor visibility of Napkins inthe machine | Yes /No |
| Visibility window | Yes |
| Pre-programmable facilityavailable | Yes |
| Maximum StorageCapacity (Nos)(Nos) | 25-50 |
| Digital counter for accounting | No |
| "No stock" messagedisplay available | Yes |
| Built-in program for automatic coin return/reject system when there is no stock or no power | Yes /No |
| Built-in program for automatic currency block/reject system when there is no stock or no power | Yes /No |
| Sales data retrieval | Yes /No |
| **FUNCTIONAL FEATURES** | |
| Material of the outer body | Mild Steel(MS) |
| Type of battery | NA/ Sealed Maintenance Free Lead Acid |
| Built-in charger | No/Yes |
| All MS parts are duly painted by | Powder coating |
| Mode of function | Stand alone |
| Operating Power source | Electronic |
| Input Power supply | 220v +/- 10%, 50Hz, Single Phase AC |
| Battery Backup available | No/Yes |

| General | |
|---|---|
| Battery Backup time (hrs) | NA/6-10 |
| Power Consumption(Watt) | NA/8 |
| **DIMENSIONS** | |
| Width (mm) | 100-200/400-600 |
| Depth (mm) | 50-100/100-200 |
| Height (mm) | 200-500/200-500 |
| Weight (kg) | 10-20 |
| Thickness of SS/MS sheet(mm) | 1.2 |
| Thickness of FRP/Plastic sheet (mm) | 1-2 |
| **PACKING** | |
| Type of Packing | Cartoon Box |
| **CERTIFICATIONS** | |
| **Submission of Test Reporton form 39 or formCentral Govt/NABL/ILACaccredited Lab orManufacture's inhouseTest Report to prove theconformity to declaredspecification at the timeof supply** | Yes |
| **Certification Available** | EU-CE |
| **Certification for Manufacturing Premises** | ISO |
| **Submission of all the certifications to the buyer along with supplies** | Yes |
| **Self Certification by Manufacturer that external body material , Power cord /Cable Gi Pipe & MCB of equipment's are of ISI Mark.** | Yes |

# MHM કાર્યક્રમનું ચેક લિસ્ટ

1. શૌચાલયમાં સ્વચ્છતાની જાળવણી
2. શૌચાલયના દરવાજા અંદરથી બંધ થઇ શકે તેવા હોવા જોઈએ.
3. ટોયલેટ બ્લોકમાં પૂરતા હવા-ઉજાસ હોવા જોઈએ.
4. હાથ ધોવા માટે પૂરતું પાણી અને સાબુ
5. શૌચાલયની અંદર નેપકિન્સ/કપડા બદલવા અને તેને મુકવા માટેની વ્યવસ્થા કરવી (શેલ્ફ/ પાટિયા / સ્ટેંડ તથા 3 હુક્સ)
6. ઢાંકણા સાથેની કચરાપેટી શૌચાલયની અંદર મૂકવી.
7. દીકરીઓ પોતાને જોઈ શકે અને આત્મવિશ્વાસ સાથે બહાર નીકળી શકે તે માટે પૂર્ણ-લંબાઈના અરીસાઓ ઉપલબ્ધ કરાવવા
8. સેનિટરી પેડ વેન્ડિંગ મશીન દીકરીઓના ટોયલેટ બ્લોકમાં અથવા તેની નજીકમાં મુકવાના રહેશે જેથી દીકરીઓ સરળતાથી પેડ લઇ શકે.
9. શાળા કક્ષાએ વેન્ડિંગ મશીનનું અને ઇન્સીનેટરનું મેઈનટેનેન્સ દર ત્રણ મહીને કરવાનું રેહશે.(વેન્ડિંગ મશીન અને ઇન્સીનેટરની ખરીદી વખતે AMC (Annual maintenance Contract) કરવાનું રહેશે.
10. વેન્ડિંગ મશીનમાં પેડની વ્યવસ્થા દર ૧૫ દિવસે એક વાર તપાસી લેવી.
11. દીકરીઓને વેન્ડિંગ મશીન અને ઇન્સીનેટર વાપરવાની સાચી રીત સમજાવવા માટેનું સેશન નોડલ શિક્ષક દ્વારા ૬ મહિનામાં એક વાર લેવું.
12. ઇન્સીનેટરની શાફ્ટ શાળા પરિસરની બહાર ઉત્સર્જન છોડવા માટે પૂરતી ઊંચી હોવી જોઈએ.
13. ઇન્સીનેટર મશીન દીકરીઓના ટોયલેટ બ્લોકમાં અથવા તેની નજીકમાં મુકવાના રેહશે જેથી દીકરીઓ સરળતા થી પેડનો નિકાલ કરી શકે.
14. વિકલાંગ દીકરીઓ સરળતાથી વાપરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

**જયશ્રી દેવાંગન, IAS**
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

PM SHRI

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,**
**સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭**
**ફોન.૦૭૯-૨૩૨ ૩૨૪૧૩, ફેક્સઃ ૦૭૯-૨૩૨ ૩૮૪૦૪**
E-mail: aspd-gcsess@gujarat.gov.in
Toll Free No.1800-233-7965

નં. સમગ્ર શિક્ષા/ગ.એ./PM Shri/Self Defence/૨૦૨૩-૨૪/૦૧/૫૦૩૭૫-૪૯૩ તા.૨૦/૯/૨૦૨૩

| | | |
|---|---|---|
| **પ્રતિ,**<br>**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**<br>**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી**<br>**જિલ્લા : તમામ** | **પ્રતિ,**<br>**જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને**<br>**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી**<br>**જિલ્લા પ્રોજેક્ટ કચેરી, સમગ્ર શિક્ષા**<br>**જિલ્લા : તમામ** | **પ્રતિ,**<br>**એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર**<br>**અને શાસનાધિકારીશ્રી,**<br>**નગર પ્રાથમિક સમિતિ, સમગ્ર શિક્ષા**<br>**મહાનગરપાલિકા : રાજકોટ, વડોદરા** |

**વિષય : PM SHRI શાળાઓમાં સ્વ-રક્ષણ તાલીમના આયોજન બાબત**
**સંદર્ભ : નોંધ પર માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) ની મળેલ મંજૂરી અન્વયે**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૩-૨૪ માં PM SHRI યોજના અંતર્ગત નક્કી કરેલ કુલ ૨૭૪ પૈકી ૨૫૭ શાળાઓ (૧૪ કુમાર શાળા અને કન્યાઓની સંખ્યા શૂન્ય હોય તેવી ૩ શાળા સિવાયની શાળાઓમાં) માં સ્વ-રક્ષણ તાલીમ અન્વયે કુલ **રૂ.૭૪.૫૫ લાખ** (કન્યાઓની સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તેવી ૧૭ શાળાઓ માટે પ્રતિ શાળા પ્રતિ વર્ષ રૂ.૧૫,૦૦૦/- લેખે અને કન્યાઓની સંખ્યા ૫૦ કરતા વધુ હોય તેવી ૨૪૦ શાળાઓ માટે પ્રતિ શાળા પ્રતિ વર્ષ રૂ.૩૦,૦૦૦/- લેખે) બજેટ મંજૂર થયેલ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માં સદર શાળાઓમાં સ્વ-રક્ષણ તાલીમનું સાંપ્રત પધ્ધતિ અનુસાર નીચે મુજબ આયોજન કરવા જણાવવામાં આવે છે.

**જિલ્લા કક્ષાએ કમિટિની રચના :**

1. જિલ્લા કક્ષાએ વિવિધ વિભાગોના સંકલનમાં રહી તાલીમનું સુચારુ સંચાલન થઇ શકે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં નીચે મુજબની એક કમિટિની રચના કરી તાલીમનું આયોજન કરવું.

| ક્રમ | હોદ્દો | વિગત |
|---|---|---|
| ૧ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી/નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી | અધ્યક્ષ |
| ૨ | ડી.વાય.એસ.પી./સમકક્ષ અધિકારીશ્રી | સભ્ય |
| ૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્ય |
| ૪ | જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટર અને શાસનાધિકારીશ્રી | સભ્ય-સચિવ |
| ૫ | મદદનીશ જિલ્લા કો. ઓ. - ગર્લ્સ એજ્યુકેશન | સભ્ય |
| ૬ | ડી.એલ.એલ.એસ. (DLSS) ના પ્રતિનિધિ | સભ્ય |
| ૭ | PM SHRI શાળાના આચાર્યશ્રી | સભ્ય |
| ૮ | બીઆરસી કો. ઓ./યુઆરસી કો. ઓ. | સભ્ય |
| ૯ | સીઆરસી કો. ઓ. | સભ્ય |



PM SHRI

2. ઉક્ત કમિટિમાં ક્રમ નં.-૭ થી ૯ ના સભ્યો ડીઇઓ/ડીપીસીશ્રી દ્વારા નિયુક્ત કરવા.

**કમિટિની જવાબદારી :**

1. જે શાળાઓમાં કન્યાઓની સંખ્યા ૫૦ કે તેથી ઓછી હોય તેવી શાળાઓમાં પ્રતિ શાળા પ્રતિ વર્ષ (ત્રણ માસ માટે) રૂ.૧૫,૦૦૦/- લેખે બજેટ મંજૂર થયેલ હોવાથી તે મુજબ અને કન્યાઓની સંખ્યા ૫૦ કરતા વધુ હોય તેવી શાળાઓમાં પ્રતિ શાળા પ્રતિ વર્ષ (ત્રણ માસ માટે) રૂ.૩૦,૦૦૦/- લેખે બજેટ મંજૂર થયેલ હોવાથી તે મુજબ આયોજન કરવું.
2. જિલ્લા કક્ષાએથી કમિટિ ધ્વારા સુરક્ષા સેતુ સોસાયટી સાથે સંકલિત હોય તેવી એજન્સીને તાલીમ આપવા માટે નક્કી કરવી. જો સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત એજન્સી ઉપલબ્ધ ન હોય અથવા જે તે એજન્સી પાસે પુરતો સ્ટાફ ન હોય તેવા સંજોગોમાં GeM Portal ધ્વારા ટેન્ડર પ્રક્રિયા કરી એજન્સી નક્કી કરવી અથવા DLSS શાળાઓમાં કામગીરી કરતા કોચ સાથે સંકલન કરી આ કોચને પણ તાલીમ આપવા માટે નિયુક્ત કરી શકાય.
3. તાલીમ આપનાર ટ્રેનરની લાયકાત જિલ્લા કક્ષાએથી કમિટિ દ્વારા નક્કી કરવી.
4. શાળાઓની કન્યાઓની સંખ્યા મુજબ ધોરણવાર/અલગ અલગ ટીમ બનાવી એક અઠવાડીયામાં ૩ (ત્રણ) કલાક પ્રમાણે ૩ (ત્રણ) માસ દરમિયાન કન્યાઓને કુલ ૩૬ (છત્રીસ) કલાકની તાલીમ મળી રહે તે મુજબ આયોજન કરવું.
5. પંચીંગ, બ્લોકીંગ, રેસલીંગ, જુડો-કરાટે, ફાઇટ-કરાટે, જેવી પાયાની સ્વ-રક્ષણ ટેકનીક ઉપરાંત સ્થાનિક પરિસ્થિતિ મુજબની અન્ય સ્વ-રક્ષણ ટેકનીકો પણ ઉમેરી તાલીમ આપવી. તેમજ શક્ય હોય તો ધોરણવાર સ્વ-રક્ષણ તાલીમનો અભ્યાસક્રમ નક્કી કરી ધોરણવાર તાલીમ આપવાનું આયોજન પણ કરવું.
6. સ્વ-રક્ષણ તાલીમ અંતર્ગત મંજૂર જોગવાઇઓ મુજબ શક્ય હોય તો કન્યાઓને યુનિફોર્મ આપવાનું આયોજન પણ કરવું.
7. શાળા કક્ષાએ કન્યાઓને સ્વ-રક્ષણ તાલીમ આપવામાં આવતી હોય તે દરમિયાન સ્વ-રક્ષણ તાલીમનુ PM SHRI ના લોગો અને તાલીમનું વર્ષ આવે તેવું બેનર લગાવવું
8. જિલ્લા/તાલુકા કક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરી કન્યાઓને પ્રોત્સાહક ઇનામો પણ આપવા.
9. ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરી જેવા રાષ્ટ્રીય તહેવારો દરમિયાન યોજાતા કાર્યક્રમોમાં ફરજિયાત સદર તાલીમનો ડેમોસ્ટ્રેશન પણ કરાવવો.
10. તાલીમ પૂર્ણ થઇ ગયા બાદ દરેક કન્યાને એજન્સી દ્વારા પ્રમાણપત્ર આપવવું.
11. તાલીમ પૂર્ણ થઇ ગયા બાદ આચાર્યશ્રીએ આપેલ પ્રમાણપત્રના આધારે SMC/SMDC કક્ષાએથી એજન્સીને ચુકવણું કરવું.
12. શાંળા કક્ષાએ લક્ષ્યાંક મુજબ તમામ કન્યાઓને તાલીમ મળી છે કે કેમ ? તે બાબતની તમામ જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે..
13. ૧૦૦% કામગીરી પૂર્ણ થઇ ગયા બાદ તમામ શાળાઓમાં તાલીમ પૂર્ણ થવા બાબતનું પ્રમાણપત્ર ડીઇઓ/ડીપીસીશ્રીની સહીથી મોકલી આપવું.

**મોનિટરીંગ :**

1. તાલીમ શરૂ કરતાં પહેલા જિલ્લા/તાલુકા/શાળા કક્ષાએ સ્થાનિક પ્રિન્ટ મિડિયા તેમજ ઇલેક્ટ્રોનિક મિડિયા મારફતે કાર્યક્રમનો પ્રચાર-પ્રસાર કરવો.
2. સદર તાલીમ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાના, રાજ્ય કક્ષાના, જિલ્લા કક્ષાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ધ્વારા અવાર નવાર મુલાકાત કરવામાં આવશે તેથી કાર્યક્રમનું ૧૦૦% અમલીકરણ થાય તે શાળાના આચાર્યશ્રીએ સુનિશ્ચિત કરવું
3. સદર કાર્યક્રમના અમલીકરણ માટે આચાર્યશ્રી સાથે રાજ્ય કક્ષાએથી સમયાંતરે ઓફલાઇન/ ઓનલાઇન રીવ્યુ કરવામાં આવશે.
4. બીઆરસી કો. ઓ. અને સીઆરસી કો. ઓ. એ શાળા વિઝીટ દરમિયાન સદર તાલીમનું મોનિટરીંગ કરવુ અને તાલીમના ફોટા સ્કુલ મોનિટરીંગ એપ પર અપલોડ કરવા.
5. જિલ્લા કક્ષાએથી શાળાવાર તેમજ સેશનવાર તારીખ દેખાય તે પ્રકારના ફોટો આ સાથે સામેલ લીંક પર અપલોડ કરવાના રહેશે.
6. જિલ્લા કક્ષાએથી જિલ્લા કક્ષાના, તાલુકા કક્ષાના તથા ક્લસ્ટર કક્ષાના કર્મચારીઓએ તેઓ ધ્વારા થતી શાળા વિઝિટ દરમ્યાન સ્વ-રક્ષણ તાલીમનું મોનિટરીંગ કરવું.
7. એજન્સી દ્વારા SMC/SMDC ના અધ્યક્ષ અને સભ્ય સચિવની સહી અને ફોટોગ્રાફ સાથેનો અહેવાલ દર મહિને જિલ્લા કક્ષાએ મોકલી આપવાનો રહેશે.

**રાજ્ય કક્ષાએ રીપોર્ટિંગ :**

જિલ્લાઓને PM SHRI અંતર્ગત નક્કી કરેલ ૨૫૭ શાળાઓમાં સ્વ-રક્ષણ તાલીમનું આયોજન થઇ ગયા બાદ શાળાવાર તાલીમના આયોજનની માહિતી નીચે આપેલ ફોર્મેટમાં અત્રે મોકલી આપવી.

| જિલ્લાનું નામ | શાળાનું નામ | નક્કી કરેલ એજન્સીનું નામ | તજજ્ઞ નું નામ | શીખવવાની થતી પધ્ધતિના નામ | તાલીમ આપવા માટે નકકી કરેલ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |

ઉક્ત આયોજન મુજબ માર્ચ-૨૦૨૪ સુધીમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી/નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિને સઘન મોનિટરીંગ અને સુપરવિઝન સહ સદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ઉપરાંત સ્વ-રક્ષણ તાલીમ હેડ અન્વયે થયેલ ખર્ચ PRABANDH portal પર અપલોડ કરવાનો રહેશે. સદર ૨૫૭ શાળાઓને રાણી લક્ષ્મીબાઇ આત્મરક્ષા પ્રશિક્ષણ હેડ અન્વયે આપવામાં આવતી સ્વ-રક્ષણ તાલીમમાં સમાવેશ કરવાનો રહેતો નથી.

(જયશ્રી દેવાંગન)
એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર